કલમ કડછી બરછી
શિક્ષણ સેવા સંરક્ષણ
૫૦
સુવર્ણ જયંતિ વર્ષ



તંત્રી :
વિરેન શાં. ધોળકિયા
લવાજમ :
વાર્ષિક રૂા. ૧૫૦/-
વર્ષ :
ઓગષ્ટ થી જુલાઈ

# લગન



મનુષ્ય જીવનના સોળ છે સંસ્કારો,
લગન છે તેમાંનો એક સંસ્કાર !
જીંદગીના બે પાત્રો સ્ત્રી અને પુરૂષ,
બંન્નેનું પરસ્પરમાં વિલીનીકરણ તે જ લગન !
લગન એટલે ? એકબીજામાં મગન !
કૌટુંબીક સમૃદ્ધિનું સોપાન તે જ લગન !
કે કૌટુંબીક વ્યવસ્થાની બારાક્ષરીની શરૂઆત ?
મૂળાક્ષરો મળી રચાય શબ્દ ને  શબ્દો ?
શબ્દો મળીને રચાય છે વાકય !
આમ જ લગનથી રચાય કૌટુંબીક વટવૃક્ષ !
પણ આજે કેમ ખળભળી ગયું છે વટવૃક્ષ ?
આજે લગન એટલે સંલગ્ન નહીં પણ ભગન !
લગન એટલે કૌટુંબીક વિચ્છેદ કુટુંબથી અલગાપણું-
જો બારાક્ષરીના અક્ષરો વાકય તોડશે તો-
કૌટુંબીક કાવ્ય કોણ રચશે ?
કૌટુંબીક ઈમારત કયાંથી બનશે ?

– મુની વસાવડા, જુનાગઢ



વર્ષ : ૫૦ અંક : ૫
ડીસેમ્બર–૨૦૧૩

બરછી કાર્યાલય, C/o. ફાઈન આર્ટ પ્રિન્ટર્સ,
કોટેચાનગર મેઈન રોડ, કોટેચા ગર્લ્સ હાઈસ્કુલ બિલ્ડીંગ, રાજકોટ - ૧.
ફોન : ૦૨૮૧ - ૨૪૫૩૦૬૩ મો. ૯૪૨૮૭ ૦૦૧૦૫ Email : barchhi@rediffmail.com Web : www.barchhi.com



## સંસ્મરણો...

બરછીમાં ૫૦મી સુવર્ણ જયંતી વર્ષ વાંચી આનંદ થયો અને થયું કે ૫૦ વર્ષનો ગાળો થયો? અમારા આશીર્વાદ– શુભેચ્છા... ફોટામાં ૧૯૫૫માં દિલ્હીમાં હમારા કાશ્મીર નાટક પ્રસંગે શાંતિભાઈ સાથે અન્ય બંધુઓ.

વ.મુ. શાંતીભાઈ બરછીના સ્થાપક કે પ્રકાશક જ નહી પરંતુ આ સિવાય બીજી પ્રવૃતિમાં પણ એટલા જ અગ્રેસર હતા. બરછીની વાતો ૧૯૫૭ થી થઈ પરંતુ તેઓ તે પહેલા જ્ઞાતિના ભાઈઓ– બહેનોમાં ખડપલતા અને આત્મવિશ્વાસ વગેરે આવે એ હેતુથી ૧૯૪૬માં શ્રી હાટકેશ વ્યાયામ સંઘની પણ સ્થાપના તેઓએ જ સ્વ. હર્ષવન્તભાઈ હાથી, સ્વ. મનહરભાઈ હાથીના સાથ સહકારથી કરી હતી. હાટકેશ વાયામ સંઘની પણ શરૂઆત સીડીવાળી શેરી રૂદ્રપ્રસાદથી થએલ. સ્વ. બબલાભાઈ વૈદ્યના ડેલામાં પછવાડેના મેદાનમાંઆ વ્યાયમશાળા ચાલતી. વ્યાયમ શાળામાં જ્ઞાતિના ભાઈઓ–બહેનો આવવા લાગ્યા. રમતગમત અંગ કસરતો વગેરે સાંજના શીખવાડવામાં આવતા વ્યાયમશાળાના અંગ કસરતોના કાર્યક્રમ પણ આ મેદાનમાં થએલા છે. આ પછી જાગનાથ પ્લોટ કોલેજવાડીમાં ખાલી પ્લોટ –જગ્યા–મળતા તેમાં સ્થાન ફેર થયો. ધીમે ધીમે જ્ઞાતિના બાળકો, ભાઈઓ બહેનો ભાગ લેવા માંડયા રમતગમત કસરત વગેરે શીસ્તબધ્ધ શીખવાડવામાંઆવતું. આ માટે અનુભવી ભાઈઓ સેવા આપતા. વ્યાયમ શાળા પુરી થતાં હનુમાનજીની 'મનોજવં મારૂતી...' પ્રાર્થના બોલાતી . શ્રીફળ વધારવામાં આવતું. છાશ અને ચણા આપવામાં આવતા. આમ દરેકને જીવનમાં આત્મવિશ્વાસ વધે ખડતલ અને હિંમતવાન બનવાની ટ્રેનીંગ મળેલ છે. ત્યારે પગપાળા ઈશ્વરીયા મહાદેવ બિલેશ્વર, જડેશ્વર પ્રવાસો પણ યોજાતા. દરેકે સાથે થેપલા, શાક લેવાના અને છાશ બાજુના ગામમાંથી લેવાતી. ત્યારે ચાલવાની સૌને હિંમત રહેતી. પણ આજે એ ટેવ જતી રહી છે. અને કોઈ બાઈક વગર બહાર જતું નથી . ચાલવું એ કસરત છે....સારા સ્વાસ્થ્ય માટે જરૂરી પણ છે. આજે એટલો સંતોષ છે કે વ્યાયમશાળા અને ઈશ્વરકૃપાથી જીવનમાં હજુ પણ (૮૩) ઉંમરે સ્વસ્થતા જાળવી શકાય છે.આ સિવાય વ.મુ. શાંતીભાઈ આરઝી હકુમતમાં અગ્રેસર હતા. જૂનાગઢનો કબજો લેવા ગયા હતા. કરાંચી, હીજરત વખતે તેઓ ત્રણેય વ. હર્ષવન્તભાઈ વ. મનહરભાઈની ત્રિપુટી કહેવાતી અને વ્યાયમશાળાના ભાઈઓ સ્વયંસેવક તરીકે રાજકોટના ટાઉન સ્ટેશને ટ્રેન ઉપર પુરી શાકના પડીયા ટ્રેનના ડબામાં લોકોને આપવા સેવા આપતા હતા. તેઓ સરકારી નોકરીમાં પણ વર્ગ–૧ ના અધિકારી તરીકે સ્પષ્ટ વકતા, નીડરતા અને નિષ્ઠાથી કામ કરવાની ટેવવાળા હતા ઘણાને સરકારી નોકરીમાં રખાવેલ. નાગર મંડળના પ્રમુખ પણ હતા. તો પરિષદના પણ અગ્રણી હતા. વ્યાયામશાળા તરફથી દિલ્હી કાર્યક્રમ લઈને પણ ગયા હતા. મુ. શાંતીભાઈ શું હતા તે વિષે લખવા કદાચ બરછીનો આખો અંક રોકવો પડે પરંતુ મારી જાણ મુજબ અત્યારે આટલુ લખું છું.

–વિપીનભાઈ છાયા, જામનગર.

# લોકાયુક્ત તરીકેના સર્વોચ્ચ પદે નિયુક્ત થતા શ્રી ડી. પી. બૂચ



સૌમ્ય પ્રકૃતિ, સાદગી, પ્રામાણિકતા, કર્તવ્યનિષ્ઠા, દંભ રહિત અને સ્વચ્છ પ્રતિભા જેવા ગુણોથી સભર, કાયદાવિદ્દ, નિષ્પક્ષ ન્યાય માટે માત્ર જ્ઞાતિ, સમાજમાંજ નહીં પરંતુ રાજકીય વર્તુળમાં પણ ગણનાપાત્ર અને સન્માનનીય સ્થાન ધરાવતા 'ડી પી બૂચ'ના નામથી જાણીતા શ્રી દિનેશચંદ્ર પ્રવીણરાય બૂચની તાજેતરમાં રાજ્ય સરકારે 'લોકાયુક્ત' તરીકે નિમણુંક કરી છે.

આ સર્વોચ્ચ સ્થાન ઉપર આરૂઢ થઈ ઉપરોકત ગુણો અને વહીવટી ક્ષેત્રે કાર્યદક્ષતા નું મૂલ્ય આજે પણ છે તે બૂચ સાહેબે પૂરવાર કરી સમસ્ત જ્ઞાતિને ગૌરવાન્વિત કરી છે. જીવનમાં અનેક ઉતાર ચડાવ અને પડાવ બાદ નૈતિક હિંમતભેર આ સ્થાન સ્વીકારનાર દિનેશભાઈની કારકિર્દીની ઝલક આ સ્થાને પહોંચાડવા યોગ્યતાની સાક્ષી પૂરે છે...વાંચીએ...

દિનેશભાઈએ વડિયા,ભાયાવદર જેવાં નાના ગામથી વેરાવળ-રાજકોટમાં પ્રાથમિક-માધ્યમિક શિક્ષણ મેળવ્યા બાદ જૂનાગઢની બહાઉદ્દીન કોલેજમાંથી ૧૯૬૩માંથી બી.એસસી.ની અને ૧૯૬૫માં શ્રી એ.એમ.પી. લો કોલેજમાંથી એલએલ.બી.ની પદવી મેળવી. આ દરમ્યાન બે વર્ષ તેઓએ અમદાવાદ અને રાજકોટ ખાતે એન.સી.સી.માં પૂર્ણ સમયના ઈન્સ્ટ્રક્ટર તરીકે સેવાઓ આપી હતી.

૧૯૬૬-૭૦ વચ્ચેના ચાર વર્ષ જૂનાગઢ ખાતે ધારાશાસ્ત્રી શ્રી દિવ્યકાંતભાઈ નાણાવટીની ઓફિસમાં વકીલાત કર્યા બાદ ૧૯૭૦માં ન્યાયસેવામાં સિવિલ જજ તરીકે જોડાયા. રાજકોટ જામનગર સહીત ઘણા ગામ શહેરમાં ફરજ બજાવી આસીસ્ટન્ટ જજ તરીકે બઢતી મેળવી. બાદમાં જીલ્લા ન્યાયાલયોના ઈન્સ્પેકશન માટેની વહીવટી જગ્યા ઉપર હાઈકોર્ટમાં ત્રણ વર્ષ ફરજ બજાવ્યા બાદ સુરેન્દ્રનગર ખાતે ડીસ્ટ્રીકટ જજ તરીકે બઢતી સાથે નિમાયા. ત્યાંથી ગાંધીનગર ખાતે ત્રણ વર્ષ કાયદા વિભાગમાં સંયુક્ત સચિવ તરીકે બદલાયા. ત્યારબાદ જિલ્લા ન્યાયાધીશ તરીકે રાજકોટ (૧૯૯૩-૯૭), ભરૂચ અને વડોદરા ખાતે ફરજ બજાવ્યા બાદ ફરી ગાંધીનગર ખાતે કાયદા સચિવ પદનો કાર્યભાર સંભાળ્યો. ત્યાંથી ૧૯૯૯થી ૨૦૦૪ સુધી હાઈકોર્ટ જજ તરીકે નિયુકત થયા.

'કર્મ એજ ભક્તિ'ને અનુસરનાર દિનેશભાઈની કર્મઠતા અને કાર્યક્ષમતાને તેઓની નિવૃત્તી સ્વીકાર્ય ન હતી તેથી નિવૃત્તી બાદ વેચાણવેરા ટ્રીબ્યુનલમાં ચારેક વર્ષ સેવા આપી ઉપરાંત સાબરમતિ રીવરફ્રન્ટ કોર્પોરેશનના વિસ્થાપિતોનું યોગ્ય રીતે પુનઃસ્થાપન કરવા માન. મુખ્ય ન્યાયમૂર્તિશ્રી દ્વારા નોમિનેટ કરતાં એકાદ વર્ષ તે કામગીરી સંભાળી. સને ૨૦૧૨-૧૩નાં એક વર્ષ તેઓએ પાસા સલાહકાર બોર્ડના સભ્ય તરીકે પણ કામગીરી બજાવી. અને...તારીખ ૧૧-૧૨-૨૦૧૩ થી લોકાયુક્ત તરીકેનો ભારવાળો કાર્યભાર સંભાળ્યો છે.

સાંપ્રત સમયના ભ્રષ્ટાચારના ભોરીંગને નાથવાનું કપરૂં કામ બૂચસાહેબના ભાગે આવ્યું છે.. સ્વીકાર્યું છે તેથી સ્વાભાવિક જ તેઓ પાસેથી સૌને ઘણી અપેક્ષા રહે...છતાં કાયદો અને ન્યાય આપણી દ્રષ્ટિથી અલગ છે તેથી આપણે તો દિનેશભાઈને ખરાંખોટાનો ભેદ પારખવા માટે ઈશ્વરી બળ અને માર્ગ મળે તેવી શુભેચ્છા પાઠવીએ...રાજકોય પક્ષોમાં નાગર જ્ઞાતિ માટેનો સદ્દભાવ અને આદર ભવિષ્યમાં રહેશે કે નહીં તે તો સમય જ કહેશે !! કારણ 'સત્યમેવ જયતે'..!

# સૌરઊર્જા નિષ્ણાત : શ્રી પ્રણવભાઈ આર. મહેતા



ભારતમાં સોલાર એનર્જી ક્ષેત્રે અગ્ર, નામાંકિત અને પ્રતિષ્ઠિત વ્યકિતઓમાં જેમની ગણના થાય છે તેવા આપણી જ્ઞાતિના સપૂત શ્રી પ્રણવભાઈ આર. મહેતા અધ્યક્ષ, નેશનલ સોલાર એનર્જી ફેડરેશન ઓફ ઈન્ડિયા અને અધ્યક્ષ, સોલાર એનર્જી એસોસીએશન ઓફ ગુજરાત તાજેતરમાં જર્મન સરકારના આમંત્રણથી બર્લીન-જર્મની ખાતે ઓકટોબર-૨૦૧૩માં'ઈન્ડો જર્મન એનર્જી ફોરમ' દ્વારા આયોજિત 'ભારતમાં સોલાર એનર્જી ક્ષેત્રમાં વ્યાપાર ઉદ્યોગની ઉજળી તકો' વિષય ઉપર ડાયલોગ અને કોન્ફરન્સમાં આમંત્રિત વકતા તરીકે હાજરી આપી આવ્યા.

આજે વિશ્વભરમાં સૌર ઊર્જા ક્ષેત્રે પ્રથમ સ્થાન ધરાવતા જર્મની જેવા ગ્લોબલ વોર્મીંગ અને કલાઈમેટ ચેઇન્જને ખાળવા માટે જે એક ઉત્તમ ઉપાય ગણાવાય છે તેવા આ સોલાર એનર્જીના ક્ષેત્રમાં પ્રણવભાઈને તેમની દ્રષ્ટિ અને વિચારો વ્યકત કરવા અને ભારત અને જર્મની જેવા દેશોની વચ્ચે આ મહત્વના ક્ષેત્રમાં આદાન પ્રદાન અને સહકાર કેવી રીતે વધી શકે તે માટેનું વિશિષ્ઠ આમંત્રણ નોંધપાત્ર અને જ્ઞાતિ માટે ગૌરવને પાત્ર છે.

પ્રણવભાઈએ તેમનાં વકતવ્ય દરમ્યાન જર્મનીમાં સોલાર રૂફ ટોપ અને સોલાર પાવરના વિકેન્દ્રીકરણ દ્વારા વ્યાપકપણે વિકસેલા આ ક્ષેત્રને બિરદાવતાં જર્મન ઉદ્યોગપતિઓ અને ટેકનોલો જિસ્ટસને ભારતમાં સૂર્ય ઊર્જાના ઉભરતાં ક્ષેત્ર અને ૨૦૨૦ સુધીમાં ૨૨૦૦૦ મેગા વોટના મહત્વાકાંક્ષી આયોજન તેમજ ૫૦ હજાર મેગા વોટની શકયતાઓ અને વિદ્યુત રહિત ગામોને ફાયદો થાય તે હેતુથી ઉભી થયેલી તકનો લાભ લઈ ભારત આવવા આમંત્રણ પાઠવ્યુ હતું. જેનો ખુબ સારો પ્રતિસાદ સાંપડયો હતો.

તેવી જ રીતે પ્રણવભાઈને કતાર સરકાર દ્વારા નવેમ્બર-૨૦૧૩માં આયોજિત 'સોલાર કતાર સમીટ ૨૦૧૩'માં દેશ વિદેશના સોલાર એનર્જી નિષ્ણાતો સાથે વિચાર વિમર્શ અને વકતવ્ય માટે આમંત્રણ મળતાં તાજેતરમાં કતારની મુલાકાતે જઈ આવ્યા. ત્યાં પણ તેમના 'Converting Solar Dreams into Reality' વકતવ્યમાં કતાર રોયલ ફેમિલીના સભ્ય અને કતાર જનરલ ઈલેકટ્રીસીટી એન્ડ વોટર કોર્પોરેશનના અધ્યક્ષ તેમજ કતાર ખાતેના ભારતીય રાજદૂત શ્રી સંજય અરોરાએ ખાસ હાજરી આપી વકતવ્ય અને વિચારોની સરાહના કરી હતી.

હાલમાં દેશના વિકાસમાં અને ભવિષ્યમાં સુપર પાવર બનવામાં જ્ઞાતિના પ્રણવભાઈ જેવા ટેકનોક્રેટસ- એક્ષપર્ટસનું યોગદાન છે અને રહેશે તે ખુશી સાથે ધન્યતા અનુભવવા જેવી બાબત છે. અભિનંદન અને શુભકામના.

## અડીખમ રમતવીર શ્રી સતિષ વોરા



તા. ૧૬ અને ૧૭ નવેમ્બર ૨૦૧૩ના રોજ રાજકોટ ખાતે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ગ્રાઉન્ડ ઉપર યોજાયેલ ગુજરાત સ્ટેટ માસ્ટર્સ એથ્લેટીકસ ચેમ્પીયનશીપમાં વડોદરા જીલ્લાના પ્રતિનિધી તરીકે શ્રી સતીષ વોરાએ ભાગ લઈ ૭૫ વર્ષ ઉપરના વયજૂથમાં શોટપૂટમાં પ્રથમ, હેમરથ્રોમાં પ્રથમ સ્થાન મેળવી સુવર્ણચંદ્રક અને ડીસ્ક થ્રોમાં દ્વિતીય સ્થાને આવી રજતચંદ્રક મેળવી વડોદરા જીલ્લાનું નામ રોશન કર્યુ છે.

હાટકેશ વ્યાયામ સંઘમાંમુ. શાંતિભાઈ, મનહરભાઈ, હર્ષવન્તભાઈના માર્ગદર્શન નીચે ખંત, ખમીર અને ખડતલતાના પાઠ શીખી વર્ષોવર્ષ શ્રી સતીષ વોરા અનેક ચંદ્રકો મેળવી રહયા છે અને તેનું ગૌરવ તેઓ આજે પણ અનુભવે છે. આ અને અન્ય સિદ્ધિઓ બદલ થોડા સમય પહેલાંપ્રકાશિત થયેલ 'ગુજરાતના નાગર રત્નો' પુસ્તકમાં પણ તેઓ સ્થાન પામ્યા છે.

રમતગમત ઉપરાંત ટ્રેઈનીંગ ક્ષેત્રમાં પણ યોગદાન બદલ રાષ્ટ્રીય કક્ષાની 'ઈન્ડીયન સોસાયટી ફોર ટ્રેઈનીંગ એન્ડ ડેવલપમેન્ટ' વડોદરા ચેપ્ટર દ્વારા તેઓને 'સર્ટીફીકેટ ઓફ ઓનર' એનાયત કરી તેઓને બહુમાનિત કરવામાં આવ્યા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે હાટકેશ વ્યાયામ સંઘમાં સાહસ અને શૌર્યના પણ પાઠ શીખી નાગરોની જાગનાથની હોળીમાં તે સમયે શ્રી સતિષ વોરા હોળી ટપી જતા અને તે જોવા માટે નાગરો ખાસ આવતા.

રમતગમતમાં આજે ૭૫ વર્ષ ઉપરની ઉંમરે પણ અડીખમ વડલા–વડીલ–સતિષભાઈનું યુવાવર્ગે ફીઝીકલ ફીટનેસ માટે તેઓનું ઉદાહરણ લેવા જેવું છે... અભિવંદન.

## કુ. ભૂમિ ઓઝા



ભાવનગર નિવાસી કુ. ભૂમિ ચિંતનભાઈ ઓઝા ગવ. કાઉન્સીલ દ્વારા જૂન ૨૦૧૩માં લેવાયેલ જનરલ નર્સિંગ મીડવાઈફરીના સાડા ત્રણ વર્ષના કોર્ષની પરીક્ષામાં એક્સલ સ્કૂલ ઓફ નર્સિંગ માંથી પ્રથમ સ્થાન સાથે ઉત્તીર્ણ થઈ BPNA(સ્ટાફનર્સ)નું સ્થાન મેળવ્યું. કુ. ભૂમિ અનિમિષભાઈ તથા યામિનીબેન ઓઝાનાં પૌત્રી થાય.

## ગેઝેટેડ ઓફિસર તરીકે નિયુક્તી મેળવતા અભિષેક વછરાજાની



મૂળ જામનગરના ગાંધીનગર સ્થિત કિશોરીબેન તથા રમેશભાઈ વછરાજાની ના પુત્ર અભિષેક વછરાજાની તાજેતરમાં કેન્દ્ર સરકાર તથા ડીપા. ઓફ આઈટી. દ્વારા લેવાયેલ મૌખિક સાક્ષાત્કાર (ઈન્ટરવ્યુ)માં ઉત્તીર્ણ થઈ ગાંધનગર ખાતે સચિવાલય માં ગેઝેટેડ ઓફિસર (વર્ગ–૨) તરીકે નિયુકતી મેળવી છે. તેઓ સ્વ. કલાવતીબેન તથા સ્વ. જશવંતરાય મહાશંકર વછરાજાનીના પૌત્ર તથા જૂનાગઢના સ્વ. દમયંતીબેન તથા સ્વ. લક્ષ્મીપ્રસાદ કૃષ્ણપ્રસાદ વસાવડાના દોહિત્ર થાય.

# લગ્ન વિષયક જાહેરાત

## ડીસેમ્બર-૧૩ (ચાલુ માસ)

દર મહીને મળતા અસંખ્ય ફોન ઉપરથી ખ્યાલ આવે છે કે આ લગ્નવિષયક જાહેરાતનો મોટા પ્રમાણમાં જ્ઞાતિજનો લાભ લઈ રહયા છે... ટપાલ ખાતાની અનિયમિતતાને કારણે દર મહીને અંક ન મળવાની ફરીયાદ પણ મળતી રહે છે..જે માટે તો લાચાર છીએ પરંતુ ખાસ યોગ્ય પાત્રની શોધ માટે બરછી વાંચતા જ્ઞાતિજનો જે તે અંક ન મળે તો આ જાહેરાતથી બાકાત ન રહે તે માટે ગતાંકથી આગલા અંકની જાહેરાત ફરીથી છાપી રહયા છીએ.ગત અંકમાં ઓકટોબરની જાહેરાતો ફરીથી છાપેલ આ અંકમાં નવેમ્બરની પ્રકાશિત કરી રહયા છીએ. સાંજે ૬ થી ૯ દરમ્યાન કાર્યાલયે ફોન કરી માહિતી મેળવી શકશો. -તંત્રી

(૧) એમ.કોમ., એમબીએ, જ. ૨ /૧૯૮૩ ઉંચાઈ ૫'.૪" રાજકોટ ખાતે રાજકોટ નાગરીક સ. બેંકમાં ઓફીસર તરીકે નોકરી કરતા યુવકને કન્યા. સંપર્કઃ- ૦૨૮૧

(૨) એમ.એ. (ગુજરાતી) જ. ૬/૧૯૮૭, ઉં. ૫'.૭"ની કન્યાને યુવક. સંપર્ક : ૦૨૮૧-

(૩) બીબીએ., એમબીએ., જ. ૧/૧૯૮૭, લી. કંપનીમાં નોકરી કરતા યુવકને કન્યા. સંપર્ક : મો.

(૪) આઈટીઆઈ,-મોટર મીકેનીક, જ. ૫/૧૯૯૦, ઉં. ૫'.૧૧" એમરોલ્ડ હોન્ડા પ્રા.લી. કંપનીમાં નોકરી કરતા યુવકને કન્યા. સંપર્ક : ૦૭૯-

(૫) એમ. ફાર્મ. ૯/૧૯૮૬, ઉંચાઈ ૫'.૧૦"ના હૈદરાબાદ ખાતે કન્સલટન્ટ તરીકે નોકરી કરતા યુવકને સમકક્ષ કન્યા. સંપર્ક : ૦૨૨-

(૬) એમ.કોમ., જ. ૬/૧૯૮૬, કોમ્પ્યુટર કોર્ષ, ઉંચાઈ ૫'.૩"ની કન્યાને યુવક. સંપર્ક : ૦૭૯-

(૭) હોમિયોપેથીક ડોકટર જ. ૯/૧૯૮૮, ઉંચાઈ ૫'.૨" ઉચ્ચ ડીગ્રી ધરાવતા યુવક. સંપક : ૦૨૮૧

## નવેમ્બર-૨૦૧૩ (ફરીથી)

(૧) એમ.એસ.સી.(કેમેસ્ટ્રી) જ. ૨/૧૯૮૩, ઉં. ૫'૮" રીલાયન્સ ઇન્ડસ્ટ્રીઝમાં નોકરી કરતા છુટાછેડા લીધેલ યુવકને કન્યા સંપર્કઃ- મો.

(૨) મ્યુઝિકમાં પોસ્ટ ગ્રેજયુએટ અમદાવાદ ખાતે શિક્ષણ સંસ્થામાં સંગીત શિક્ષક તરીકે નોકરી કરતા. જ. ૧૦/૧૯૮૧ ઉ.૫'૪" ના માંગલીક યુવકને કન્યા સંપર્કઃ- ૦૨૮૮-

(૩) ધો. ૧૨ આંબેડકર યુની. માં બી.એ. ચાલુ, જ. ૯/૧૯૮૧, કચ્છ યુનિવર્સિટીમાં નોકરી કરતા યુવકને ઘરરખ્ખુ કન્યા અભ્યાસ બાધ નથી. સંપર્ક : ૦૨૮૩૨ -

(૪) સી.એ. જ. ૯/૧૯૮૭, ઉ. ૫'૮" દુબઈ સ્થિત કંપનીમાંફાયનાન્સ મેનેજર તરીકે નોકરી કરતા યુવકને કન્યા સંપર્કઃ- ૦૨૮૮

(૫) એમ.સી.એ., જ. ૯/૧૯૮૨, ઉ. ૫' ટીસીએસમાં નોકરી કરતા માંગલીક યુવકને કન્યા. સંપર્કઃ- ૦૨૮૧

(૬) એમ.ડી. (મેડીસીન) જ. ૬/૧૯૮૭, ઉ.૫'૯" ડોકટર યુવકને ઉચ્ચ અભ્યાસ ધરાવતી કન્યા સંપર્કઃ- મો

(૭) બી.કોમ. એમલીબ, જ.તા. ૪/૧૯૮૨, ઉં. ૫'૪" સ્વતંત્ર વ્યવસાય કરતા યુવકને કન્યા.સંપર્ક ૦૨૮૧

(૮) ધો ૧૦ કથ્થક સાથે નૃત્યનો અભ્યાસ ,જ. ૯/૧૯૮૯,ઉ.૪'૬" ની કન્યાને યુવક સંપર્કઃ- ૦૨૮૮

## રણજી ટ્રોફીમાં અર્પિત વસાવડાની બેવડી સદી



વિનુ માંકડથી આજ સુધી અનેક જ્ઞાતિ ક્રિકેટરોએ જ્ઞાતિનું નામ ઉજાળ્યું છે...તાજેતરમાં જ્ઞાતિમાંથી ક્રિકેટરો ઉભરી રહયા છે. જેમાંના એક રાજકોટના અર્પિત વ્યોમેશ વસાવડા છે. સાતત્યપૂર્ણ સુંદર દેખાવ કરી રહેલ અર્પિત વસાવડાએ તાજેતરમાં રાજકોટના ખંઢેરી સ્ટેડીયમ ખાતે રમાયેલ યુ. પી. અને સૌરાષ્ટ્ર વચ્ચેની રણજી ટ્રોફી ટુર્નામેન્ટમાં બેવડી સદી (૨૦૫ રન) ફટકારી યુવા ક્રિકેટરે દરેક દૈનિકપત્રોમાં ચમકી પસંદગીકારોનું ધ્યાન ખેંચ્યું હતું. આગેકૂચ જારી રહે તેવી શુભેચ્છા સાથે અભિનંદન.

## તબીબ બુચ દંપતી જર્મનીમાં આધુનિક સારવાર તાલીમ લઈ આવ્યા





રાજકોટના રહેલ ડો. નિગમ બુચ અને ડો. હેતલ બુચ જર્મની જઈ ઈમ્પ્લાન્ટ અને માઈક્રોસ્કોપમાં ઉચ્ચ તાલીમ લઈ આવ્યા. ડો. નિગમ બુચ જડબામાં એકજ દિવસમાં બધા જ દાંત ઇમ્પ્લાન્ટ કરી ફીક્સ કરી શકાય તેવી તાલીમ મેળવી તો ડો. હેતલ બુચે માઈક્રોસ્કોપથી મૂળીયાની સારવાર(RCT) કરવાની વિશિષ્ટ તાલીમ જમ×નીના નિષ્ણાત સર્જનો પાસેથી મેળવી આવતાં શહેરના નાગરીકોને આધુનિક અને ઝડપી સારવાર પધ્ધતિનો લાભ મળશે. તા. ૧૯ ઓકટોબરના રોજ રાષ્ટ્રીય કક્ષાની ઇમ્પ્લાન્ટ સોસાયટી કોન્ફરન્સમાં ડો. નિગમ બુચને ફેલોશીપની પદવી એનાયત કરવામાં આવી. બુચ દંપતી રાજકોટ ખાતે ડેન્ટીસ્ટ-કન્સલ્ટન્ટ સર્જન તરીકે સ્વતંત્ર પ્રેકટીસ કરી રહેલ છે. સંપર્ક : ૨૪૬૫૩૫૪.

બુચ તથા બક્ષી પરિવારને ગૌરવ બક્ષનાર તબીબ દંપતીને અભિનંદન સહ શુભકામના.



## ભાવનગરમાં યોજાયો સાંસ્કૃતિક કાર્યક્રમ

ધી ભાવનગર નાગર જીમખાના દ્વારા ધનતેરસના રોજ યશવંતરાય નાટયગૃહ ખાતે, ગીત,ગરબા, ભજન સાથેનો સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાય ગયો. પ્રારંભમાં નાની બાળાઓ, ટ્રસ્ટી મંડળ તથા કારોબારી સભ્યો દ્વારા દીપપ્રાગટય કરવામાં આવેલ. બહોળી સંખ્યામાં ઉપસ્થિત જ્ઞાતિજનોએ રંગારંગ કાર્યક્રમ માણ્યો હતો.

## <u>સગપણ સગાઈ :</u>

– વીરનગર સ્થિત ફોરમ મુકેશભાઈ બુચનું સગપણ ભુજના મંથન અનિરૂધ્ધભાઈ છાયા સાથે.

– અમદાવાદ સ્થિત વાચા મૌલેશ દેસાઈનું સગપણ અમદાવાદ સ્થિત જ્વાલિન રાજીવ નાણાવટી સાથે.

– વલ્લભવિદ્યાનગર સ્થિત કેતન હરકાંતભાઈ મજમુદારના પુત્ર આલાપનું સગપણ મુંબઈ સ્થિત સંજય પરીમલભાઈ દેસાઈનાં પુત્રી તારલ સાથે.

સ

મા

ચા

ર

સં

ચ

ય

• જામનગર : દશેરા તથા શરદપૂનમ નિમિત્તે મા જ્વાળામુખી કમિટિ તરફથી અત્રે વસતા માંકડ કુટુંબના મેળાવડાનું આયોજન કરવામાં આવેલ. આ પ્રસંગે ગરબા, રમતગમત બાદ સ્વ. ડો. ચુનીલાલ વી. માંકડ પરિવારના સહયોગ થી મહાપ્રસાદનું આયોજન થયેલ.

• જેસીઆઇ મેગા દ્વારા નવરાત્રિ મહોત્સવનું ૧૦ દિવસ આયોજન કરવામાં આવેલ. જેનું સંચાલન સોનલ નાણાવટી દ્વારા કરવામાં આવેલ. આ ઉપરાંત સખી કલબ–૨ દ્વારા પણ શકિત આરાધનાનું આયોજન પણ તેમના માર્ગદર્શન હેઠળ આયોજન થયેલ. ઓપન જામનગરના આ પ્રોજેકટમાં એક હજારથી વધુ ખેલૈયાઓ ગરબે ઘૂમ્યા હતા.

• ગાંધીનગર : અત્રેના શ્રીમતી આશાબેન પ્રકાશભાઈ મહેતાએ ગાંધીનગરથી વીરપુરના સંઘ સાથે આશરે ૩૨૦ કિ. મી.ની પદયાત્રા ૧૧ દિવસમાં પૂર્ણ કરી જલારામ બાપાના દર્શન કર્યાં.

• ડીસ્ટ્રીકટ ફુટબોલ ઈન્ટર ટુર્નામેન્ટમાં કુ. નિયતી સ્વાદિયાને ફાઈનલ સુધી પહોંચવા બદલ 'સીલ્વર મેડલ એનાયત થયો.

• શ્રી વડનગરા નાગર મંડળના ઉપક્રમે તા. ૧/૧૨/૧૩ના રોજ ૫થી ૭ સ્નેહમિલન યોજાય ગયું. આ સાથે વાનગી સ્પર્ધા રાખવામાં આવી હતી. બહેનોએ ઉત્સાહભેર ભાગ લઈ જમાના પ્રમાણે વિવિધ વાનગીઓ બનાવી હતી. ત્રણ વિજેતા જાહેર કરાયેલ. શ્રીમતી જાગૃતિબેન ઉજ્જવલભાઈ વ્હોરા તથા ગૂંજનભાઈ વ્હોરાએ નિણાયકો તરીકે સેવા આપી હતી.

• ભુજ : શ્રી ઉદય ઉપેન્દ્રભાઈ માંકડ છેલ્લા ચાર વર્ષથી નવરાત્રિ દરમ્યાન પગપાળા ભુજથી માતાના મઢ આશાપુરા માતાજીના દર્શને જાય છે. આ સાલ પહેલી વાર તેમનાં ૧૪ વર્ષનાં પુત્રી શ્રેયા પણ પિતા સાથે પદયાત્રામાં જોડાયેલ. તેમજ ભૌતિક તથા ચિંતન વૈશ્નવ પણ આ પદયાત્રા કરી આવ્યા.


• રાજકોટ : રેલ્વેમાં એન્જીનીયર તરીકે ફરજ બજાવતા શ્રી કલ્પેશ હરિશ્ચંદ્રભાઈ પંડયા અને શ્રીમતી અર્પણા ક. પંડયાએ લગ્નજીવનનાં ૨૫ વર્ષ પૂર્ણ કરતાં પુત્ર ગર્વિત દ્વારા સગાસ્નેહી ઓ, મિત્રોની હાજરીમાં ઉજવણી કરી.

• સુરત : શ્રીમતી સંધ્યા તથા શ્રી ભવજીત જીકાર પુત્રી મેઘા તથા પુત્ર રોહન સાથે લંડન–યુ.કે.ના પ્રવાસે જઈ આવ્યાં.

• અમદાવાદ : ગુજરાત સરકારમાં હોમ સેક્રેટરી તરીકે કાર્યરત શ્રી મનોજભાઈ દિનેશભાઈ અંતાણીને તેઓની ઉત્કૃષ્ઠ કામગીરી અને વિશિષ્ટ સેવા બદલ રાષ્ટ્રપતિ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા. ગુજરાતમાંથી પસંદગી પામેલ બે વ્યકિતઓમાં મનોજભાઈ એક છે. તેઓની કારકિર્દીમાં આ ત્રીજો રાષ્ટ્રપતિ પદક છે. જ્ઞાતિને ગૌરવ બક્ષનાર મનોજભાઈને ગર્વભેર અભિનંદન પાઠવીએ.

• વેજલપુર નાગર મંડળ દ્વારા તા. ૧૦/૧૧/૧૩ના રોજ શ્રી પાર્થેશ્વર મહાદેવના પટાંગણમાં સ્નેહમિલન યોજાય ગયું. જેમાં સાથોસાથ શાળા કોલેજના વિદ્યાર્થીઓને ડો. વિપીનભાઈ બી. ઝાલાના પ્રમુખ સ્થાને ઇનામ વિતરણ કાર્યક્રમ પણ રાખવામાં આવ્યો હતો. અંતમાં સૌ દેશી ખાણાનો આસ્વાદ લઈ સૌ છૂટા પડયા હતાં.

સુવર્ણ જયંતિ વર્ષ



# દ્વિતીય પૂણ્યતિથિએ હાર્દિક શ્રધ્ધાંજલિ
## સ્વ. તુષાર રજનીકાંત નાણાવટી

જન્મ : ૯-૩-૧૯૫૯ સ્વર્ગવાસ : ૫-૧-૨૦૧૨

જીવનમાંહરપળ હસતા રહીને પરિશ્રમ કરીને પરિવારને સમૃધ્ધ બનાવી સૌને હૈયે વસતા હતા. ચંદન સમુ જીવી, સુખ સહુને આપતા ગયા. આપની ઉદારતા, કાર્યક્ષમતા, શાંત લાગણીશીલ સ્વભાવ સદા હૈયે વસે છે. કર્મ એવાંકર્યાંકે સુખમાં છલકાયા નહી અને દુઃખ દેખાવા ન દીધું. ઈશ્વર આપના આત્માને શાંતિ આપે એવી અમારા પરિવારજનોની અંતરથી પ્રાર્થના.

ગં. સ્વ. હિનાબેન ધૈર્યકાંત નાણાવટી (ભાભી)

– પરેશ ધૈર્યકાંત નાણાવટી, અ. સૌ. આરતી પી. નાણાવટી અને વિશ્વા (પુત્રી)

– અ. સૌ. વિભૂતી હિતેષ ઓઝા– શિવાંગી અને દેવાંશ

– પુષ્પેન્દ્ર રજનીકાંત નાણાવટી – અ. સૌ. સાધના પુષ્પેન્દ્ર નાણાવટી – અ. સૌ. નિષ્મા કુણાલ વોરા

– રવીન્દ્ર રજનીકાંત નાણાવટી – અ. સૌ. મીના રવીન્દ્ર નાણાવટી – અ. સૌ. ખૂશ્બુ માલવ મારૂ

– વંદિત રવીન્દ્ર નાણાવટી

– સુનિલ રજનીકાંત નાણાવટી

– અ. સૌ. નીલા સુનિલ નાણાવટી – હર્ષ સુનિલ નાણાવટી

– મીનાક્ષી રજનીકાંત નાણાવટી – – – સુબોધ રજનીકાંત નાણાવટી

રાજકોટ – ૦૨૮૧-૨૪૮૧૮૫૦ / ૨૪૬૮૦૫૦

# શ્રી ગોઘા ભાવનગર વડનગરા નાગર જ્ઞાતિ હિતાર્થ ફંડ

સંસ્થાના ઉપક્રમે ધો. ૮ તથા સ્નાતક-અનુસ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓને શૈક્ષણિક ઈનામો આપવાનો તથા ડો. નિમિત ઓઝા યુરોલોજી ગોલ્ડ મેડાલીસ્ટને સન્માનિત કરવાનો કાર્યક્રમ શ્રી હરિનાગર નિવાસ ખાતે ડો. નિલુભાઈ વૈશ્નવ, ડો. જયદીપ ઓઝા, ડો. દેવાંગ દેસાઈ અને મહાનગર પાલિકાના સ્ટેન્ડીંગ કમિટિના ચેરમેન શ્રી હિમાંશુ દેસાઈના અતિથિ વિશેષ પદે યોજાય ગયો.



કાર્યક્રમનો પ્રારંભ અનુષા મહેતાના ભાવવાહી પ્રાર્થના ગાનથી કરવામાં આવ્યા બાદ સંસ્થાના ટ્રસ્ટી દધીચિ મહેતાએ ડો. નિમિત ઓઝાનું, અતિથિ વિશેષ ડો. નીલુભાઈનું જાગૃતભાઈ દેસાઈએ, ડો. જગદીપ ઓઝાનુ પરિમલભાઈ મહેતાએ, ડો. દેવાંગ દેસાઈનુંધર્મેન્દ્રભાઈ મહેતા અને હિમાંશુ દેસાઈનુંખમીર મજમુદારે પુષ્પગુચ્છથી સ્વાગત કર્યું હતું. શ્રી જ્વલંતભાઈ દેસાઈ તથા ડો. નિલુભાઈ વૈશ્નવે પ્રાસંગિક પ્રવચન કર્યુંહતું.

ડો. નિલુભાઈએ ડો. નિમિત ઓઝા શ્રી હરકાંતરાય દેસાઈએ ડો. નિમિત ઓઝાને સ્મૃતિચિન્હ આપી સન્માનિત કર્યા હતા.સન્માનના પ્રતિભાવમાંડો. નિમિતે જણાવ્યુંહતુંકે દક્ષિણામૂર્તિ સ્કૂલથી માંડી તેઓની કારકિર્દી ઘડવામાંફાળો આપનાર તમામને આ સન્માનનો શ્રેય રહેલો છે. આ બાદ વિદ્યાર્થીઓને ઉપરોકત સભ્યોના હસ્તે શૈક્ષણિક પારિતોષીકો આપવામાં આવ્યાં હતાં. સમગ્ર કાર્યક્રમનુંસંચાલન નિરવ મહેતાએ કર્યુંહતું, જ્યારે દર્શન અભિજીત મહેતાએ આભાર દર્શન કર્યુંહતું.

# પાંદડું લીલુંને રંગ રાતો–માંગલ્ય મ્હેંદીનું

– કૌમુદિનીબેન બક્ષી – અમદાવાદ

કુટુંબની દીકરી લગ્નમંડપમાંઅગ્નિની સાક્ષીએ પતિ સાથે સાતફેરા ફરે વૈદિક મંત્રોચ્ચાર સાથે ત્યાર પછી તે દીકરી કુમારીકા મટીને સૌભાગ્યવતી બને છે.નવવધૂકે દૂલ્હનનો અમૂલ્ય ને અખંડ શણગાર એટલે મંગળસૂત્ર, પાનેતર,ચૂડી ને ચાંદલો. જે હંમેશ માટે સૌભાગ્યવતીનુંશુભ સીમાચિન્હ બની રહે છે.મંગળસૂત્ર(કીડીયાસેર) મંગળસૂત્રના કાળા મણકા કોઈપણ અનિષ્ટની સામે પડકારરૂપ છે. પાનેતરની લાલ કિનારી, લાલ ચૂડી ને લાલ ચાંદલો જીવનભર શુકનીયાળ ઓળખ બની રહે છે. પછી તો માતા પિતાના ઉમળકા ને ઉત્સાહરૂપ કિંમતી ઘરેણાંકે અન્ય શણગાર નવવધૂના સૌંદર્યમાંઓર નિખાર લાવે છે. આ સર્વગ્રાહી પ્રણાલિ શાસ્ત્રપ્રમાણિત છે. માતા પિતા આ જ વૈદિક વિધિ ને શણગાર સાથે દીકરી સૌભાગ્યવતી બને તેવો ખાસ આગ્રહ રાખે છે.

આ સાથે એક અનોખો શણગાર ભૂલાય તેમ નથી...તે છે મ્હેંદી. પ્રસંગની શરૂઆત શ્રીગણેશજીને આમંત્રિત કરી ઉમળકાભેર સ્વાગત કરવામાંઆવે છે. ત્યાર બાદ રીતિરિવાજ પ્રમાણે નાના મોટા પ્રસંગ સંપન્ન કરી મ્હેદીરસમ શરૂ થાય છે. મ્હેંદીનુંમહત્વ એટલે છે કે તેનો રંગ રાતો છે. રાતો રંગ બધા રંગોમાંખુબ શકનવંતો મનાય છે.

બીજુંદ્રવ્ય જે દેવ સેવાથી માંડીને નાનામાંનાના મંગલકારી કાર્યમાંઉપયોગમાંલેવામાંઆવે છે તે છે કંકુ. સમાજમાંકે કુટુંબમાંજે તે વ્યકિતનુંપ્રસંગાનુસાર કલ્યાણ કે સફળતા મળે તે પવિત્ર ભાવના સાથે તેના કપાળમાંકંકુનો ચાંદલો કરીને વડીલો એનુંમાંગલ્ય ઈચ્છે છે.જેમ કે બાળકના જન્મ, લગ્ન પછી દીકરી નવજાત શિશુને લઈ પોતાના શ્વસૂરગૃહે જાય ત્યારે, પછી બાળકની શૈક્ષણિક શરૂઆત, વ્યવસાય, નવા ઘરમાંગૃહપ્રવેશ જેવા પ્રસંગોમાંકંકુનો ચાંદલો કરી શુકન કરવામાંઆવે છે. તેમ સદીઓ પહેલાંરાજાના રાજ્યાભિષેક કરે કે રણમેદાનમાંવિજયી બનીને આવનાર રાજાને તિલક કરવામાંઆવતું..આમ મ્હેંદી ને કંકુ રાતા રંગના છે તે હંમેશ માટે કલ્યાણકારી શુભેચ્છાનુંપ્રતિક બની રહયાંછે.

છેલ્લા કેટલાક દાયકાથી મ્હેંદીનુંકલેવર સંપૂર્ણ રીતે નાવિન્યસભર બની રહયુંછે. દરેક ક્ષેત્રની જેમ મ્હેંદી મૂકનાર બહેનો–ભાઈઓ તાલીમ લઈ નિષ્ણાત બની ગયા છે. હવે તો મ્હેંદીના કોન તૈયાર મળે છે તેથી મ્હેંદી મૂકવાની પ્રક્રિયામાંકલાત્મકતા ને ઝડપ વધી રહયાંછે. નવવધૂની સાથે માતા, કુટુંબની અન્ય દીકરીઓ તથા અન્ય સ્ત્રી વર્ગ પણ મ્હેંદી મુકાવતાંહોવાથી તાલીમ પામેલી ટીમ મ્હેંદી મૂકવા આવે છે.તેમ હવે તો નાના મોટા શુભ પ્રસંગમાંમ્હેંદી શણગારનો પર્યાય બની ગયેલ છે...કારણ તેનો રાતો રંગ શુકનવંતો છે.

મ્હેંદીની પ્રથા મૂળ મારવાડ ને રાજસ્થાનની છે. વર્ષો પહેલાંતો મ્હેંદીના લીલાંપાનને વાટવાની પ્રથા હતી. વાટેલી આ મ્હેંદીનો રંગ રાતો બની જતો..માટે જ કહેવાતું'પાંદડુંલીલુંને રંગ રાતો' ધીમે ધીમે મ્હેંદીના તૈયાર પાવડર મળતા થયા..ક્રમશઃ મ્હેંદીના સ્વરૂપમાંઘણાંનવલાંરૂપાંતરણ થયાં. દરેક જ્ઞાતિ અનુસાર શાસ્ત્રોએ મંગલ પ્રસંગોના અન્ય દ્રવ્યો પણ પ્રમાણિત કર્યાંછે. જેવાંકે શ્રીફળ, સોપારી, સાકર,

નાગરવેલના પાન. મ્હેંદી એ નવવધૂનું મોંઘેરૂ ંનજરાણુ ંછે. તેની આગવી ખુશી અને ઓળખ છે. તેથી જ તેનું માંગલ્ય અનેરૂં છે.

દરેક કાર્ય કે જીવનના બદલાતા મોડ અને રીતરસમ દરમ્યાન જે તે વ્યકિતને સુખી સમૃધ્ધ, આનંદમય જીવન મળે તેવી કલ્યાણકારી ભાવના જોડાયેલી છે.માટે જ આપણા વડવાઓએ સમાજમાંઆ સમજ વહેતી મૂકી છે ને દરેક વ્યકિત તેમાં અતૂટ શ્રધ્ધા ધરાવે છે તે નિર્વિવાદ છે.

અંતમાં...લગ્ન મંડપમાં બેઠેલી દીકરીનું લગ્નજીવન નંદનવનસમુ બની રહે અને મ્હેંદીની સોડમ અને રંગ હંમેશ માણતા રહે તેવી શુભેચ્છા પાઠવું છું.

## શુભ લગ્નમ્ :

• રાજકોટ સ્થિત શ્રીમતી રક્ષા તથા શ્રી હિમાંશુ ઉમાકાંતભાઈ વૈદ્યના પુત્ર આદિતના લગ્ન રાજકોટ સ્થિત શ્રીમતી મીના તથા શ્રી હર્ષિધ હરપ્રસાદભાઈ દેસાઈનાં પુત્રી હીરલ સાથે ધામધૂમથી ઉજવાયાં. વિશાળ વૈદ્ય પરિવાર, દાદા–નાના પરિવાર, મોસાળ પક્ષને નિમંત્રીત કરી સંયુકત કુટુંબભાવના સાથે કુટુંબમેળો થયો. સુશોભિત મંચ ઉપર જૂનાગઢના નાણાવટી બ્રધર્સના સૂરીલા સ્વર સાથે સૌ ગરબે ઘૂમ્યા સ્પર્ધા યોજી હોંશભેર ઈનામો આપ્યાં..ઐકયની ભાવના સાથે નવતર વર–કન્યા પક્ષના સભ્યોના નૃત્યો, નાટીકા યોજ્યાં તેમજ આ નિમિત્તે યોજેલ સત્કાર સભારંભમાં જ્ઞાતિજનો, બેંકના સહકર્મીઓ, અગ્રણીઓએ ઉપસ્થિત રહી સૌએ વિવિ વિધ વાનીઓ સમેતના ભોજન આરોગ્યાં હતાં

• ગાંધીનગર સ્થિત અંશુમન અરૂણરાય બુચના પુત્ર ગૂંજનનાં લગ્ન જૂનાગઢ નિવાસી વિપુલભાઈ નાણાવટીનાં પુત્રી વિભૂતી સાથે. – અમદાવાદનાં માનસી રવિન્દ્રભાઈ છાયાનાં લગ્ન નૌશિલ સાથે.

• રાજકોટના મીનાબેન તથા માર્ગેશ વિનોદભાઈ બુચનાં પુત્રી શિવાનીનાં લગ્ન જામનગરના સ્વ.જગદીશ અરવિંદભાઈ વછરાજાનીના પુત્ર જયદત્ત સાથે. – ભાવનગર સ્થિત દિપકભાઈ શશીકાંત ઓઝા તથા પૌરવીબેનનાં પુત્રી શૈલીનાં લગ્ન અમદાવાદ સ્થિત શૈલેષભાઈ તથા હર્ષબેન વસાવડાનાં પુત્ર પ્રતીક સાથે.

• અમદાવાદ સ્થિત સમીર દેવેન્દ્રભાઈ મહેતા તથા અંજનીબેનના પુત્ર મહીપના લગ્ન વલ્લભ વિદ્યાનગર સ્થિત દર્શકભાઈ શીરીષભાઈ મહેતા તથા હરણીબેન મહેતાનાં પુત્રી ઈતિ સાથે .

**વડોદરામાં ફ્લેટ ભાડે આપવાનો છે...**

સુભાનપુરા વિસ્તારમાં ૩ બીએચકેના બે ફ્લેટ લાઇટ, પંખા, પાણી, લીફ્ટની સગવડ સાથે ના બીજા અને ત્રીજા માળે :
સંપર્ક :
જીતેન્દ્ર માંકડ – ૦૭૯–૨૬૪૦૩૬૩૧
મો. ૯૪૦૯૨૩૩૯૮૪

**ભરૂચમાં દહેજ બાયપાસ વિસ્તારમાં...**
**મકાન વેંચવાનું છે...**

બે બેડરૂમ, હોલ, એટેચ બાથરૂમ, ડાઈનીંગરૂમ, કીચન, ગેસ પાઈપલાઈન, મકાનની ત્રણે બાજુ ખુલ્લી જગ્યા, વિશાળ પાર્કીંગ. નજીકમાં સ્કૂલ, બેંક, દવાખાનાની સુવિધા ઉપલબ્ધ છે. સંપર્ક કરો...:
મો. ૮૯૮૦૦૪૨૭૦૨/૯૯૯૮૦૧૧૨૮૨




## ડિરેક્ટર તરીકે ચૂંટાતા શ્રી પ્રદીપ દેસાઈ

ભાવનગર સ્થિત શ્રી પ્રદીપભાઈ એચ. દેસાઈ ભાવનગર નાગરિક સહકારી બેંકના ડિરેકટર તરીકે ચૂંટાઈ આવ્યા. તેઓ મેનેજીંગ ડીરેકટર તરીકે કાર્યરત હતા. તેઓ જ્ઞાતિના સેવાભાવી વડીલ શ્રી હરકાંતભાઈ ડી. દેસાઈના પુત્ર થાય. અભિનંદન 'દબંગ' પૂરવાર થાય તેવી શુભકામના.

## નવલાં નવરાત્રિના નવોત્સવનું નજરાણું

જામનગરનાં કુ. જલ્પા જગદીશભાઈ બુચ સંચાલિત કદલી સ્કૂલ ઓફ કથ્થક દ્વારા 'માં' અને મેળો વસ્તુ વિષય ઉપર આધારિત એક ચતુર્દિવસીય રાસગરબા મહોત્સવનું સુંદર દર્શનીય આયોજન તા. ૧૦/૧૦ થી ૧૩/૧૦ સુધી જામનગરના ટાઉન હોલમાં કરવામાં આવ્યું. જામનગરના મહાનુભાવો અને બહોળી સંખ્યામાં ઉપસ્થિત રસિકજનોએ આ કાર્યક્રમને મનભરીને માણ્યો હતો.

તેણીએ આ કાર્યક્રમમાં મા જગદંબાની માતૃશકિત, શ્રી કૃષ્ણની રાસ લીલા અને લોકમેળાના આબેહૂબ ચિતાર દ્વારા પરંપરાગત ભૂલાતા અને ભૂંસાતા જતા ગરબા ગરબીના વારસાને જીવંત રાખવા સરાહનીય પ્રયન્ત કર્યો.

ઉકત સંસ્થાના સંચાલક કુ. જલ્પા બુચ છેલ્લા દશેક વર્ષથી ભારતીય નૃત્યશૈલી અને સંગીતના પ્રસાર માટે કાર્યરત છે.તેણીએ મહાન નૃત્યવિદ્ બીરજુ મહારાજ પાસેથી જ્ઞાન મેળવેલ છે અને આંતરયુનિવર્સિટી અને યુવક મહોત્સવમાં નૃત્ય સાધનાના અનેક કાર્યક્રમોનું સફળ દિગ્દર્શન કરી અનેક સુવર્ણચંદ્રકો મેળવ્યા છે.

## અનંતના યાત્રીઓ :

– રાજકોટના અજીતરાય હરખશંકર જોષીપુરા (નિવૃત્ત તારમાસ્તર અને સેન્ટ્રલ ગવ. પેન્શનર્સ એસોશીએશનના પ્રમુખ)નું અવસાન થતાં 'પરદુ:ખભંજન વૈષ્ણવજન'ની ખોટ પડી. તેઓ અસંખ્ય પેન્શનરોના કોઈપણ પ્રશ્નો હલ કરવામાં સહાયભૂત થયા હશે.. ગં. સ્વ. તરૂલત્તાબેન હર્ષદરાય. બક્ષીનું ૮૫ વર્ષ – રાજકોટ ખાતે. – જીતેન્દ્રભાઈ (જીતુભાઇ) ઈશ્વરલાલ વસાવડાનું ૮૧ વર્ષ– રાજકોટ ખાતે. – દેવર્ષિભાઈ દિવ્યકાંતભાઈ વૈદ્યનું ૬૩ વર્ષ – ભાવનગર ખાતે.– ઋષીકેશભાઈ સ્વાદિયાનું વડોદરા ખાતે. – હંસાબેન જયકુમાર સ્વાદિયાનું મુંબઈ ખાતે. મનોરમાબેન દેવેન્દ્રભાઈ રીંડાણીનું જામનગર ખાતે. – શ્રીમતી પ્રતિક્ષાબેન (પુષ્પાબેન) હર્ષદભાઈ વસાવડાનું જામનગર ખાતે. – પ્રહલાદરાય બી. પોટાનું જામનગર ખાતે. – ભાસ્કરભાઈ મણીલાલ ઢેબરનું જામનગર ખાતે. – કિરણકુમાર પુષ્કરરાય વસાવડા–અમદાવાદ. – નલિનીબેન દ્વિતીનભાઈ નાણાવટી – ૮૨ વર્ષ – જૂનાગઢ. – હંસાબેન નવનીધરાય છાયા – ૮૭ વર્ષ – મુંબઈ. – કંચનબેન પુષ્કરભાઈ વસાવડા – ૯૦ વર્ષ – મુંબઈ – પ્રવિણભાઈ ડી. દેસાઈ – ૮૨ વર્ષ – ભાવનગર – દિવાકરભાઈ શાંતિલાલ બુચ – ૮૦ વર્ષ – વડોદરા. – નલિનીબેન જયંતભાઈ વત્સરાજ – ૭૭ વર્ષ – વડોદરા. – શકુંતલાબેન મયુરવદનભાઈ દેસાઈ – ૮૦ વર્ષ – અમદાવાદ. જયકાંતભાઈ નટવરલાલ ધોળકિયા – ૮૨ વર્ષ – મારૂતીભાઈ ચુનીલાલ વૈશ્નવ – અમદાવાદ ખાતે અવસાન.દીપિકા કિરણભાઈ માંકડ – ૬૩ વર્ષ – નવી દિલ્હી.

મંતવ્ય...

# પ્રૌઢાવસ્થા અને જીવનસાથી

'બરછી'ના ૫૦ વર્ષના ઉપલક્ષ્યમાં શરૂ કરવામાં આવેલ બે આવશ્યક નવી સેવાઓ અંગે 'બરછી'ને ખુબ ખુબ અભિનંદન.

બરછીમાં લખ્યું છે તે મુજબ આપણી જ્ઞાતિમાં ૫૦-૫૫ વર્ષે ખંડીત થતાં દાંમ્પત્ય જીવનમાં વિશેષ કરીને સંતાનો ન હોય ત્યારે જીવીત રહેનાર પાત્રને અનેક મુશ્કેલીઓ, ઝંઝાવાતોનો સામનો કરવો પડે છે તેમાં પણ જો પુરૂષ એકલો પડે તો ખાવા પીવાથી માંડી અનેક સામાજીક સમસ્યાઓ ઉભી થતી હોય છે.

આપણી સુધરેલ નાગર જ્ઞાતિ પ્રૌઢ ઉંમરે થતાં લગ્નો પ્રત્યે કંઈક અંશે ઉદાસીન છે. ખંડીત થતી જોડીઓને સ્થાને પોતાની જાતને વિચારી, એ લોકોની સમસ્યાઓ સંવેદનાઓ સમજવાની જરૂર છે. આ અંગે જ્ઞાતિમાંજ પ્રોત્સાહીત વાતાવરણ બનશે તો જરૂરીયાતવાળા લોકો આગળ આવશે અને તેઓ સ્વજ્ઞાતિ તરફ વળશે.

અગાઉના સમયમાં જ્યારે સંયુકત કુટુંબ પ્રથા હતી ત્યારે આવા પાત્રો કુટુંબમાંજ સચવાઇ રહેતા. આજે સમય બદલાયો છે. કુટુંબો વિભકત થયા. મોટા શહેરોમાં રહેઠાણની સમસ્યા કપરી બની. કૂદકે ને ભૂસકે મોંઘવારીનો આંક આગળ વધે છે આવા સંજોગોમાં દરેક ખંડીત (કે અપરણિત) પાત્રોએ લાંબે ગાળે પોતપોતાનો રસ્તો વિચારી દરેક રીતે સ્વાવલંબી બનવુંપડે તેમ છે.

વ્યકિત નોકરી વ્યવસાયમાં સક્રિય હોય ત્યાંસુધી તો ઠીક પરંતુ ખરી સહારા/ જીવનસાથીની ખોટ પાછલી ઉંમરે જ વરતાય છે. જ્યારે આંખ, કાન અને દાંત કમજોર બને છે શારિરીક મર્યાદાઓને કારણે ઘર બહાર જઈ શકાતુંનથી. કહેવાનું ઘણુંહોય છે, સાંભળનાર કોઈ હોતુંનથી કે બે ડગલાં સાથે ચાલનાર કોઈ હોતું નથી. જો વ્યકિતના જીવનમાં આનંદ ઉત્સાહ, ધ્યેય ન હોય તો જીવવાનું કોના માટે ? લાગણી હૂંફનો અભાવ, એકલપંડ જિંદગી વ્યકિતને ડીપ્રેશનમાં ધકેલી મનોરોગી બનાવી શકે છે. આનંદ ઉત્સાહ અને સકારાત્મક અભિગમ સાથે જીવતા દંપતીઓ નિરોગી અને લાંબુ આયુષ્ય ભોગવે છે..તે સિધ્ધ થયેલી હકીકત છે. આમેય આ ઉંમરે લગ્ન કરનાર વ્યકિત સામાન્ય રીતે વેલ સેટ હોવાની જ. તો તેઓ પરિવારના અન્ય સભ્યો પર બોજો બનવાને બદલે જીવનસાથી શોધી પુનઃ લગ્ન કરે તો તેમાં ખોટું શું છે ?

જ્ઞાતિના ખંડીત થતાંદંપતીઓ, કૌટુંબિક સંજોગોને કારણે લગ્ન ન કરી શકેલ પાત્રો તથા ડીવોર્સી માટે વિશેષ લગ્ન પરિચય મેળાનું આયોજન આપણી જ્ઞાતિમાં પણ કરવાનો સમય પાકી ગયો છે, પરંતુ જ્ઞાતિમાં આ અંગેનું યોગ્ય વાતાવરણ ન સર્જાય, લોકો નિઃસંકોચ લગ્ન માટે આગળ ન આવે ત્યાંસુધી, 'બરછી' પ્રૌઢ યુવક યુવતીઓ વચ્ચે સેતુ બની લગ્ન પરિચયનું પ્લેટફોર્મ આપી રહયું છે તે ખરેખર આનંદની વાત છે. આવી સમસ્યાઓ પ્રત્યે જ્ઞાતિને જાગ્રત કરવાનો 'બરછી'નો પ્રયત્ન ફળદાયી નિવડે તેવી શુભેચ્છા.

-એક બંધુ

# પ્રશ્નોતરી

સૌના આગ્રહને માન આપી ફરી દરેક વિષયને આવરી લેતી સામાન્ય જ્ઞાન પ્રશ્નોત્તરી જૂનાગઢના મુનીભાઈ વસાવડાએ મોકલી છે અવકાશ મળતાં પ્રસિધ્ધ કરી છે...ગમશે જ.

(૧) ચંદ્ર, તેની સોળે કળાએ કઈ તિથિએ જોવા મળે છે?

( વદ એકમ, સુદ અગિયારસ, સુદ ચૌદશ, સુદ ચૌદશ, પુનમ,)

(૨) ગુજરાતી કેલેન્ડર માં સમાવેશ થતો એવો કયો તહેવાર અંગ્રેજી કેલેન્ડરમાંચોકકસ મહિનાની ચોકકસ તારીખે સામાન્ય રીતે આવે છે?

(શરદપૂનમ, રામનવમી, ગદકુળ આઠમ, મકરસંક્રાન્તિ)

(૩) હિન્દુ ધર્મગ્રંથો અનુસાર જયોર્તિલીંગની સંખ્યા કેટલી છે?

( ૧૦,૭,૧૨,૧૫ )

(૪) રોજિંદા વપરાશમાંલેવાતું'રૂ' –કોટન કઈ વનસ્પતિની પેદાશ છે?

( ડાંગર, બાજરી, કપાસ, ઘઉં)

(૫) હિન્દુ ધર્મ પ્રમાણે કઈ " દેવીમાતા" મગર ઉપર સવારી કરે છે?

(સરસ્વતી, લક્ષ્મી, ખોડીયાર, ગાયત્રી)

(૬) અમૃતસર "ગોલ્ડન ટેમ્પલ " માટે પ્રખ્યાત છે, "ગોલ્ડનબ્રિજ " માટે કયું શહેર પ્રખ્યાત છે?

( મુંબઈ, કોચીન, ભરૂચ, ત્રિચીનાપલ્લી)

(૭) આર્ટ ઓફ લીવીગના મુખ્ય અને મૂળ પ્રણેતા કોણ છે?

( શ્રી રવિશંકર મહારાજ, ઉત્સાદ રવિશંકર, શ્રી શ્રી રવિશંકર)

(૮) " એક દો તીન ચાર ભૈયા બનો હોશિયાર " કઈ ફિલ્મનુંગીત છે?

( મધર ઈન્ડિયા, દોસ્તી, આનંદ, સંત જ્ઞાનેશ્વર)

(૯) ગિરનારની ગોદમાં જુનાગઢમાં ભરાતો મહાશિવરાત્રીનો મેળો ગુજરાતી કેલેન્ડરમાંકયા માસ પછી આવે છે?

( માગસર, મહા, પોષ, ફાગણ)

(૧૦) ગિરનાર પર્વત તથા સોમનાથ જયોર્તિલીંગ કયા વિસ્તારમાંઆવેલ છે?

( પૂર્વભારત, ઉતર ભારત, દક્ષિણ ભારત, પશ્ચિમ ભારત )

(૧૧) ત્રણ અંકની " અંતિમ સંખ્યા " કઈ છે?

( ૧૧૧, ૭૭૭ , ૫૫૫ , ૯૯૯ )

(૧૨) વ્હેલ માછલીનું વૈજ્ઞાનિક વર્ગીકરણ કયા વિભાગમાંથઈ શકે?

( સરીસૃપ, વિહંગ, સસ્તન, મત્સ્ય )

(૧૩) સુવર્ણકારની અન્ય ઓળખનું નામ, કઈ ચલણી નોટમાં છુપાયેલું છે ?

( ૧૦૦૦, ૫૦૦, ૫૦, ૧૦૦)

(૧૪) વાનગી મોહનથાળની બનાવટમાં કયો લોટ ઉપયોગમાં લેવાય છે ?

( અડદ, ઘઉં, બાજરી, ચણા )

(૧૫) કઈ વાનગીના નામ ઉપરથી તાજેતરમાં એક ચલચિત્રનું નામાંકન થયું છે?
( મોહનથાળ, મેસુબ , બરફી, થાબડી )

(૧૬) " વડોદરા રેલ્વે સ્ટેશન રેલ્વે ડાયરી મુજબ કયા વિભાગમાં વર્ગીકૃત થઈ શકે?
( મધ્ય રેલ્વે, પશ્ચિમ રેલ્વે, ઉતર રેલ્વે, પૂર્વ રેલ્વે)

(૧૭) મહાભારત કાળની જાંબુવન ગુફા કઈ જગ્યાએ આવેલ છે?
( જુનાગઢ, દ્વારકા, રાણાવાવ, કુંકાવાવ)

(૧૮) સૌરાષ્ટ્રનું તાલાલા ગિર શેને માટે પ્રખ્યાત છે ?
( કેસર કેરી, ડુંગળી, મગફળી, ઘઉં)

(૧૯) પોરબંદર કયા રાષ્ટ્રીય નેતાથી જગપ્રખ્યાત છે?
( મોરારજી દેસાઈ, લોકમાન્ય તિલક, મોહનદાસ ગાંધી, રામમનોહરરાય)

(૨૦) ગુજરાતી કેલેન્ડર પ્રમાણે જયારે કોઈ તિથિ બેવડાય ત્યારે તેને શું કહેવાય ?
( તિથિ ક્ષય, વૃધ્ધિ તિથિ, બેવડી તિથિ, દ્વિતીય તિથિ)

જવાબ : (૧) પુનમ (૨) મકરસંક્રાન્તિ (૩) ૧૨ (૪) કપાસ (૫) ખોડીયાર (૬) ભરૂચ (૭) શ્રી શ્રી રવિશંકર (૮) સંત જ્ઞાનેશ્વર (૯) પોષ (૧૦) પશ્ચિમ ભારત (૧૧) ૯૯૯ (૧૨) સસ્તન (૧૩) ૧૦૦ (૧૪) ચણા (૧૫) બરફી (૧૬) પશ્ચિમ રેલ્વે, (૧૭) રાણાવાવ (૧૮) કેસર કેરી (૧૯) મોહનદાસ ગાંધી (૨૦) વૃધ્ધિ તિથિ.

**<u>અતિ પૂરાણ છાયા ઘડિયાળ પરથી</u>**
**<u>મળી આવેલ પ્રેરક વાકયો</u>**

બાળક તરીકે હું ઊંઘતો ને રડતો
ત્યારે સમય ધીરેથી જતો...
યૌવનમાં હું હસતો અને ગાતો
ત્યારે સમય ઝડપથી ચાલતો...
પ્રૌઢાવસ્થામાં હું કામ પતાવતો
ત્યારે સમય દોડવા લાગતો...
વૃધ્ધાવસ્થામાં હું કામથી થાકતો
ત્યારે સમય ઉડવા લાગતો...
ને હવે થોડા સમયમાં ખબર પડશે કે
સમય પૂરો થઈ ગયો છે–
એ દોડે, ઉડે અને ખતમ થઈ જાય એ પહેલાં
જિંદગીના
આભૂષણોમાં એને જડી દેવાનો છે
અમૂલ્ય આ સમય.

સંકલન : પ્રણામી અશોક અંજારીયા(વડોદરા)

**આજે અંતરથી આશિષ વરસે**

લોકાયુકત પદે થયેલ આપની નિયુકતી કાજ
આશિષ પુષ્પો વરસાવે શ્રી હાટકેશ.
દિનેશભાઈ (બુચ) આપ નાગર જ્ઞાતિનું ગૌરવ
એ સત્ય મહેકયું દેશ પરદેશ..
પ્રમાણિકતા હજુ ના પરવારી એ
સત્ય સૌ ઉર પર તરી આવે..
આપ છો પર્યાય નીતિ નિષ્ઠાનો
એ તત્વ શ્રી હાટકેશ સૌ ઉરે ઉપસાવે
સત્ય સમર્પણ છે બંને શ્વાસ નાગરના
કરતાલ નરસિંહની સૌને કહાવે
સાદગી અને સાત્વિકતા આપના નયનમાં મહેકતાં
એ સત્વગુણ શ્રી હાટકેશને નિરંતર ભાવે
પ્રાપ્ત કરો પૂર્ણ યશ આપના નવ પદમાં
આપના અભ્યુદય કાજે નીત જ્ઞાતિ તલસે.
શ્રી, વિજય, ભૂતિ વરસો આપ પર અનંતર..
શ્રી સાંઈ આશિષ 'પ્રેરણાંશુ' તવ નયને વહયા.

– શ્રી મહેશ દેસાઈ, રાજકોટ.

## :::::::::::: મંગલ મેરેજ બ્યુરો ::::::::::::

સંચાલક :– મમતા ઢેબર ફોન નં. ૦૨૮૧ ૨૫૭૦૬૮૧

(સમયમાંફેરફાર નોંધી લેશો સવારે :– ૧૨ થી ૨, સાંજે ૭ થી ૯) (રવિવારે રજા)

Mail ID- mamtadhebar@yahoo.in

Why to compromise with limited choice, get unlimited options with MMB

(૧) એનઆરઆઈ ઓગષ્ટ – ૮૭, ઉંચાઈ ૫'.૬'' બી.ઇ. (કોમ્પ્યુટર–ભારત) એમ.એસ. (યુએસએ)ને ભારતથી બી.ઇ. કરેલ કન્યા જોઈએ છે. (પસંદગી કોમ્પ્યુ. કે ઇ.સી કરેલ અમેરીકા જવા ઇચ્છુક કન્યા.)

(૨) એનઆરઆઈ ઓગષ્ટ – ૮૬, ઉંચાઈ ૫'.૬''બી.ઇ.(આઇટી–ભારત)એમ.એસ. (યુએસએ) ને અમેરીકા રહેતી ભણતી સમકક્ષ કન્યા આવકાર્ય

(૩) માર્ચ – ૮૩ ઉંચાઈ ૫'.૯'' બી.ઇ. (આઈટી) એમબીએ. (મહારાષ્ટ્ર) વિસનગરા નાગર

(૪) મે – ૮૪ ઉંચાઈ ૫'.૮'' બી.ઇ. (પાવર એન્ડ ઈલે.) એમબીએ. (મહારાષ્ટ્ર)

(૫) મે – ૮૪ ઉંચાઈ ૫'.૬'' બી.કોમ., એલએલ.બી., એલએલ.એમ. (ગુજરાત)

આપ પણ આપના સંતાનોનો બાયોડેટા ઇ–મેઇલથી મોકલી શકો છો.

અથવા ફોનથી પણ બાયોડેટા નોંધાવી શકો છો.

## ABM TRAVELS

**Honeymoon tours :**

Kerala/Rajasthan/Himachal/Goa
Mauritius/Maldives//Bali/Sri Lanka
Langkavi-Penang/Phuket-Krebi-Samui
Mountain Resort
Nainital-Mussoorie/Darjeeling-Gangatok
Ooty-Kodaikanal/Mt.Abu/Leh-Ladakh

**Wildlife Tours :**

Sasan Gir/Ranthanbore/Sarisca/Corbett/
Kaziranga/Kanha-Bandhavgarh/Madumalai
Bandipur/Coorg/Kabini

**Pilgrims :**

CharDham/ Amarnath/Kailas-Mansarovar
Vaishnodevi/Tirupati/Ashta Vinayak
Panch Jyotirlings/Shirdi-Shinganapur

**Cruise tours :**

STAR cruise: MSC cruise Royal Caribbean : Coasta

**Booking of International destinations :**

SOTC # THOMAS COOK # COX & KING
STAR TOURS # NEEM Holidays # KESARI

**Avinash Mehta, Mumbai # 09820817318**
**abmtravels@gmail.com**

નારાયણબલી તથા માતૃશ્રાધ્ધ માટે
નાગર જ્ઞાતિના એકમાત્ર ગોર
સુધીરભાઈ ચંદ્રશંકર શુકલ
ગોલવાડ, બરોડા બેંકની બાજુમાં,
સિદ્ધપુર. ફોન : ૨૭૬૭–૨૨૧૯૩૫

KALAM KADCHHI BARCHHI-GRJ-23
Registration Valid upto 31-12-2011

If not delivered Pl. return to :
Barchhi Karyalaya,Kotechanagar Main Rd, Rajkot - 360 001..

તંત્રી, મુદ્રક, પ્રકાશક : વિરેનભાઈ શાં. ધોળકીયા
મુદ્રણ : ફાઈન આર્ટ પ્રિન્ટર્સ, રાજકોટ.ફોન: ૨૪૫૩૦૬૩